*કૃપાકરી પ્રસિધ્ધી માટે* **૧ ડિસેંબર ૨૦૧૦**

**ભાજપ નેતા અને માજીકેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈકે બુધવાર તા. ૧ ડિસેંબર ૨૦૧૦ ના મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન**

## કુષ્ઠરોગ હજૂ સૂધી નિર્મૂળ ન થયો હોઈ સશકતીકરણ નું ધોરણ આવશ્યક : રામ નાઈક

**મુંબઈ, બુધવાર :** કુષ્ઠરોગ હજૂ સૂધી દેશમાંથી નિર્મૂળ ન થયો હોઈ પાછલાં દોઢ વર્ષમાં સવાલાખથીયે વધુ નવા દર્દીઓ મળ્યા છે. રોગનો ફેલાવો અને સામાજીક દૃષ્ટિકોણ ધ્યાનમાં લેતાં જૂલાઈ ૨૦૧૧ સૂધીમાં સરકારે કુષ્ઠપીડિતોનું સર્વેક્ષણ પૂર્ણ કરી તેમના સશકતીકરણ માટે નવા ધારાધોરણ લાગૂ કરવા જોઈએ, તેવો સ્પષ્ટ અહેવાલ રાજયસભાની વિનંતીઅર્જી સમિતીએ હાલમાં જ આપેલ છે. ભાજપ નેતા અને માજી કેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈક અને અન્યોએ દાખલ કરેલ મૂળ યાચિકા ના સંદર્ભે આપવામાં આવેલ આ સંપૂર્ણ અહેવાલ ની તાત્કાલીક અમલબજાવણી થવી જોઈએ, તેવી માગણી શ્રી રામ નાઇકે આજે મુંબઈ ખાતે પત્રકાર પરિષદના માધ્યમે કરી છે.તે વેળાં તેમની સાથે યાચિકામાંના સહઅર્જીકર્તામાંના બોરીવલી ની સંજયનગર કુષ્ઠપીડિત રહિવાસી સંઘના અધ્યક્ષ શ્રી ભીમરાવ મધાળે પણ ઉપસ્થિત હતા.

દેશભરમાંના કુષ્ઠપીડિતોની સમસ્યા દૂર કરવા તેમજ કુષ્ઠપીડિતોના સશકતીકરણ માટે માજી કેંદ્રીય પ્રધાન શ્રી રામ નાઈક, ઈંટરનેશનલ લેપ્રસી યુનિયન ના ડૉ. શરદ ગોખલે, કુષ્ઠપીડિતો માટે કરી રહેલા સામાજીક કાર્યો બદલ સુપ્રસિધ્ધ તેવા ડૉ.ગોપાલ, કુષ્ઠરોગ નિવારણ સમિતી ના શ્રી ઉદય ઠકાર, શ્રી ભીમરાવ મધાળે, શ્રી શાંતારામ ભોઈર વગેરેએ ૫ ડિસેંબર ૨૦૦૭ના રાજયસભાના સાંસદ સ્વ. વેદપ્રકાશ ગોયલની મારફત સંસદ સમક્ષ વિનંતી અર્જી કરી હતી. તેબાબતે સાંસદ શ્રી વ્યંકૈય્યા નાયડૂ ની અધ્યક્ષતાતળેની વિનંતીર્જી સમિતીએ ૨૪ ઑકટોબર ૨૦૦૮ ના સંસદ સમક્ષ પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો. હવે સદર અહેવાલ પરની કાર્યવાહીનો અહેવાલ સમિતીના વિદ્યમાન અધ્યક્ષ સાંસદ શ્રી ભગતસિંહ કોશ્યારીએ હાલમાંજ ૨૨ નવેંબર ૨૦૧૦ ના સંસદમાં રજૂ કરેલ છે. આ અહેવાલ બાબતે શ્રી રામ નાઈકે પત્રકારોને વિસ્તૃત માહિતી આપી છે.

..૨..

વિનંતી અર્જી સમિતીએ પોતાના પહેલાના અહેવાલમાં સરકારે કુષ્ઠપીડિતો નું સર્વેક્ષણ કરી તેમના સશકતીકરણ માટે નવા રાષ્ટ્રીય ધારાધોરણ લાગૂ કરવામાં આવે તેવી સિફારશ કરી હતી. તદ્નૂસાર થયેલ સર્વેક્ષણની વિગત આંચકાદાયક હોઈ દેશમાંથી હજૂ પણ  કુષ્ઠરોગનું નિર્મૂલન ન થયું હોવાનું સામે આવ્યું છે. વર્ષ ૨૦૦૮ - ૨૦૦૯ માં અને એપ્રિલ થી ૩૦ સપ્ટેંબર ૨૦૦૯ સૂધી ફકત દોઢ વર્ષનાં ગાળામાં દેશમાં કુષ્ઠરોગના ૧,૩૪,૧૮૪ નવા દર્દીઓ સાંપડયા છે. હજૂ તો આ સર્વેક્ષણ પૂર્ણ થવાનું બાકી છે. માટે તે કોઈ પણ સંજોગોમાં જૂલાઈ, ૨૦૧૧ સૂધી પૂર્ણ કરવામાં આવે તેમજ કુષ્ઠપીડિતો ના સશકતીકરણ બાબતે રાષ્ટ્રીય ધોરણ લાગૂ કરવામાં આવે તેવી સ્પષ્ટ સિફારશ સમિતી કરેલ છે.

યાચિકા સમિતી એ કરેલ અન્ય મહત્વની સિફારશોની માહિતી આપતા  શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, " હાલમાં જે કુષ્ઠપીડિતોને રોગને કારણે ૪૦ ટકાથીયે વધુ અપંગત્વ આવેલ હોય તેમને જ અન્ય અપંગો ને મળનારી સવલતો મળતી હોય છે. છતાંયે, કૂષ્ઠરોગ બાબતે રહેલ સામાજીક ઘૃણાનો દ્દષ્ટિકોણ હજૂ સૂધી બદલાયો ન હોવાથી કોઈ પણ કુષ્ઠપીડિત ને ભરણપોષણ કરવું અશકય થઈ પડે છે તે વસ્તૂસ્થિતી ધ્યાનમાં લઈ સર્વ કુષ્ઠપીડિતો ને અપંગોનિ સવલતો આપવામાં આવે, તેટલૂંજ નહીં તો કુષ્ઠપીડિતો ને મળનારું નિર્વાહભત્તૂ વધારી વ્યકતીદીઠ દર મહિને રૂ.૨,૦૦૦/- આપવામાં આવે. કુષ્ઠપીડિત વસાહતમાં રહેનારા કુષ્ઠપીડિતોને માનવતા ના દ્દષ્ટિકોણથી દારિદ્રરેખાતળેના માની ઉકત યોજના અને અંત્યોદય યોજનાનૂસાર અતિઅલપ દરે અનાજ દાણો આપવામાં આવે તેવી સ્પષ્ટ સિફારશ સમિતી એ કરેલ છે. એ સિવાય કુષ્ઠપીડિત જો વાહન ચલાવવા સક્ષમ હોય તો તે કુષ્ઠપીડિત છે માટે તેને વાહનચાલક ની પરમીટ નકારવી નહી તેવી પણ સિફારશ સમિતીએ કરેલ છે."

કુષ્ઠપીડિતોની વસાહતમાં દર અઠવાડિયે રૂબરૂ મુલાકાત લઈ તબીબી સગવડો પૂરી પાડવાનો આગ્રહ સમિતીએ પોતાના અહેવાલ માં કરેલ હોઈ કુષ્ઠપીડિતોને ઈંદિરા આવાસ યોજના અંર્તગત મફત મકાનો મળે તેમજ તેમને રાજીવ કુટીર જયોતિ યોજના અંર્તગત મફ.?ત વીજપૂરવઠો આપવાની સિફારશ પણ સમિતીએ  કરી હોવાનું શ્રી રામ નાઈકે જણાવ્યું હતું. કુષ્ઠપીડિતો નાં સંતાનો બાબતે સમિતીનો દ્રષ્ટિકોણ સંતોષકારક હોવાનો મત વ્યકત કરી શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, " કુષ્ઠપીડિતો નાં સંતાનો પ્રત્યે  પણ  સમાજ  મોકળા મને જોતો નથી આ વસ્તુસ્થિતી  ધ્યાનમાં રાખી તેમના માટે જૂદી શાળા ની

સગવડ ઉભી કરવામાં આવે. તેમજ તેમને ઉચ્ચ અને તંત્ર શિક્ષણ પણ મફત આપવામાં આવે જેથી તેઓ સ્વાવલંબી બનશે આતરપ ધ્યાન આપવાની ગરજ હોવાની શિફારસ સમિતીએ કરેલ છે. તેટલું જ નહીં તો બાળસૂધારગૃહમાં આ બાળકોને જૂદા રાખવામાં ન આવે તેની તકેદારિ રાખવાનો આગ્રહ પણ સમિતીએ સેવ્યો છે. આ સિવાય દેશના વિવિધ કાયદાઓમાં પરિવર્તન કરવાની જરૂર સમિતીએ પોતાની સૂચનાઓમાં નોંધી છે. હિંદુ, મુસ્લિમ, ભારતિય ખ્રિસ્તી ના વિવાહ અને છૂટાછેડા વિષયક કાયદા અને હિંદૂ દત્તક કાયદો વગેરેમાં સૂધારાવધારા કરવાની સમિતી ની સૂચનાઓ બાબતે વિધી મંત્રાલયે કોઈપણ જાતનો પ્રતિસાદ આપ્યો નહીં તેની પણ ગંભીર નોંધ સમિતીએ અહેવાલ માં કરેલ છે. તેમજ આ સર્વ કાયદા છ મહિનાની અંદર સૂધારવાની સિફારશ સમિતીએ કરેલ છે. એ સિવાય મુંબઈ મહાપાલિકા કાયદો તેમજ મુંબઇ ભીખ માગવા પ્રતિબંધક કાયદો તેમાં પણ મહારાષ્ટ્ર સરકારે સૂધારણા કરવાની સિફારશ સમિતીએ કરેલ છે. પ્રસિધ્ધી માધ્યમ મારફત કુષ્ઠપીડિતોનો સમાજે સ્વીકાર કરવો તે માટે વિશેષ પ્રયત્નો પર ભાર મૂકવો તેમ પણ અહેવાલ માં સૂચવવામાં આવેલ છે."

સમિતિની સર્વ સિફારશો ની કેંદ્ર સરકારે તાત્કાલીક અમલબજાવણી કરી વહેલામાંવહેલી તકે કુષ્ઠપીડિતોના સશકતીકરણ માટે રાષ્ટ્રીય ધોરણ લાગૂ કરવું તેવી પણ માગણી શ્રી રામ નાઈકે કરેલ છે.

**(કાર્યાલય સચિવ)**

**વિશેષ સૂચના : રાજયસભા નો સંપૂર્ણ અહેવાલ www.ramnaik.com આ વેબસાઈટપર Press Release વિભાગમાં ઉપલબ્ધ છે.**